જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૦/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૬૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૧૫ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૬૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪૨ બિયર ટીન અને ૦૧ લોડીંગ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૫૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૬૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૯ વ્યક્તિઓની અને પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૬૯/૨૦૨૫**

ક્રાઈમબ્રાંચઃ હેમીનકુમાર રાજેન્દ્રભાઈ શાહ (ઉ.વ.૪૫)(રહે.આબુસ્ટ્રીટ સોસાયટી, રામનગર સાબરમતી) એ તા.૧૭/૧૦/૨૦૨૫ ના રોજ ક્રાઈમબ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૧૨/૨૦૨૨ થી તા.૦૯/૦૧/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન રાયપુર ન્યુ કલોથ માર્કેટ ફસ્ટ ફલોર દુકાન નંબર–૨૮૨ ખાતે થી આરોપી સિલમબ્રસન એમ.જી સન્મુગમ (મહાલીંગેશ્વર ટેક્ષટાઈલના પ્રોપરાઈટર) (સરનામુ:– દુકાન નંબર– ૪૫૫૧/એ ચેન્નઈ સિલ્કની પાછળ આરાસાંતી રોડ હોસુર તમિલનાડુ) (રહે.ગામ–પોસ્ટ: માદરાહલ્લી તાલુકો: બર્ગુર જિલ્લો: ક્રિષ્ણાગિરી તમિલનાડુ) એ હેમીનકુમાર તેમજ અન્ય સાહેદ વેપારીઓ પાસેથી રેડીમેડ કાપડનો જથ્થાબંધ માલ ઉધારીમાં ખરીદ કરી, તે માલનુ પેમેન્ટ ૬૦ દિવસમાં ચુકવી દેવાની ખાતરી ભરોસો આપી, વાયદા મુજબ માલનુ પેમેન્ટ નહિ આપી બાકી લેણા કુલ રૂપિયા ૫૮,૦૬,૨૫૭/– નહી ચુકવી પોતાની દુકાન બંધ કરી નાસી જઈ હેમીનકુમાર શાહ તથા અન્ય સાહેદ વેપારીઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એ.દેસાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૪૭૦/૨૦૨૫**

માધવપુરાઃ નરેશભાઈ સ/ઓ ચંદુભાઈ ઠાકોર (ઉ.વ.૩૩)(રહે.અમર એસ્ટેટ પાણીની ટાંકી પાસે હિરાવાડી) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૦/૨૦૨૫ રાતના ૯/૫૫ વાગ્યાના સુમારે જુગલદાસની ચાલી સામે નવાનું ડહેલુ ઇદગાહ ખાતે પોતાની સાસરી ખાતે પોતાની જાતે પોતાના શરીર ઉપર જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૧૦/૨૦૨૫ કલાક ૫/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એમ.કાળમા ચલાવે છે.

બોડકદેવઃ સાયન્સ સિટી રોડ સ્વર્ણભુમી સામે ઘ ગ્રસ સોસાયટી ખાતે રહેતા અને મજુરી કામ કરતા સુરેશભાઇ પ્રતાપભાઈ પટેલ (ઉ.વ.૪૦)(રહે. મુળ વતન. ગામ–બયણા તા–દેવગઢ બારીયા જી–દાહોદ) તા.૧૬/૧૦/૨૦૨૫ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે "કલહાર એક્ઝોટીકા" ખાતે સેન્ટીંગનું કામ કરતા હતા ત્યારે પંદરેક ફુટની ઉંચાઈની સીડી ઉપરથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હિતેન્દ્રસિંહ મનુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી